પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૨૯ ૧૮ જુલાઈ, ૨૦૨૩, મંગળવાર; અધિક શ્રાવણ સુદ - ૧ પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦


# તેજી : રોકાણકારોને ૫ લાખ કરોડનો ફાયદો

**ભારતીય શેરબજારમાં સપ્તાહના પ્રથમ કારોબારી દિવસ શાનદાર તેજી : રોકાણકારોની સંપત્તીમાં ૫ લાખ કરોડોનો વધારો : સેન્સેક્સ ૫૨૯.૦૩ પોઇન્ટ વધીને ૬૬,૫૮૯.૯૩ પોઇન્ટ, નિફ્ટી ૧૫૬.૬૫ પોઇન્ટ વધીને ૧૯,૭૨૧.૧૫ પોઇન્ટની નવી રેકોર્ડ ઊંચાઇ પર બંધ રહ્યા**



મુંબઈ, તા.૧૭

ભારતીય શેરબજાર માટે સપ્તાહનો પ્રથમ કારોબારી દિવસ શાનદાર તેજીમય રહ્યો. સવારે તેજી સાથે માર્કેટની શરૂઆત થઈ હતી અને દિવસભર આ ટ્રેન્ડ જળવાઈ રહ્યો. આજે પણ સેન્સેક્સ અને નિફ્ટી વધારા સાથે નવી રેકોર્ડ ઊંચાઈ પર બંધ રહ્યા હતા. રોકાણકારોની ખરીદી નીકળતાં બજારને સપોર્ટ મળી રહ્યો છે, જેના કારણે રોજ નવી ઊંચાઈ સ્પર્શી રહ્યું છે. આજે તમામ સેક્ટર લીલા નિશાનમાં બંધ થયા હતા. રોકાણકારોની સંપત્તિ વધીને ૩૦૩.૬૦ લાખ કરોડ પર પહોંચી છે. ગત સપ્તાહના અંતિમ કારોબારી દિવસ શુક્રવારે રોકાણકારોની સંપત્તિ વધીને ૨૯૮.૫૭ લાખ કરોડ હતી. એક જ કારોબારી દિવસમાં રોકાણકારોની સંપત્તિમાં ૫ લાખ કરોડનો વધારો થયો છે.

ભારતીય શેરબજારના સૂચકાંક સેન્સેક્સ ૫૨૯.૦૩ પોઈન્ટ વધીને ૬૬,૫૮૯.૯૩ પોઈન્ટ અને નિફ્ટી ૧૫૬.૬૫ પોઈન્ટ વધીને ૧૯,૭૨૧.૧૫ પોઈન્ટની નવી રેકોર્ડ ઊંચાઈ પર બંધ રહ્યા હતા. બેંક નિફ્ટી પણ ૬૯.૦૨૦ પોઈન્ટ વધીને ૪૫,૫૦૯.૫૦ પોઈન્ટ પર બંધ રહી શુક્રવારે ૫૦૨.૦૧ પોઈન્ટના

● અનુસંધાન પાન-૭ પર

# ૪૫ વર્ષ પછી યમુનાનું પાણી તાજમહેલની દીવાલને સ્પર્શ્યું

**ઉત્તર ભારતમાં વરસાદ અને નદીની સ્તર વધતા સમસ્યા : કૂલ્લુના કાઈસ ગામમાં આભ ફાટતા એકાએક પૂર આવ્યું**

નવી દિલ્હી, તા.૧૭

ઉત્તર ભારતમાં એક તરફ અવિરત વરસાદ અને બીજી તરફ નદીઓના જળસ્તર વધવાને કારણે સમસ્યા સર્જાઈ છે. બીજી તરફ પર્વતોમાં ફરી એકવાર ભારે વરસાદનું એલર્ટ જાહેર કરાયું છે. આગ્રામાં યમુના નદી રવિવારે સવારે ખતરાના નિશાનને પાર કરી ગઈ. ૪૫ વર્ષ પછી યમુનાનું પાણી તાજમહેલની દીવાલને સ્પર્શ્યું હતું.



દિલ્હીમાં યમુનાનું પાણીનું સ્તર નીચે આવ્યું છે, પરંતુ તે હજુ પણ ખતરાના નિશાન (૨૦૫.૩૩ મીટર)થી ઉપર વહી રહ્યું છે. ગઢમુક્તેશ્વરમાં પણ ગંગાનું જળસ્તર ૧૩ વર્ષ પછી પીળા નિશાનથી ઉપર છે. બ્રજઘાટમાં ગંગાનું પાણી આરતી સ્થળની નજીકના સીડીઓ પાસે પહોંચી ગયું છે. હિમાચલ પ્રદેશમાં પણ રવિવારે અનેક જિલ્લાઓમાં વરસાદ પડ્યો હતો.

હવામાન વિભાગની તાજેતરની આગાહીમાં રાજ્યના તમામ જિલ્લાઓમાં ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. આ દરમિયાન કેટલાક સ્થળોએ વાદળ ફાટવા અને અચાનક પૂરની ચેતવણી જારી કરવામાં આવી છે. દિલ્હીમાં પણ ત્રણ દિવસ સુધી મધ્યમ વરસાદની આગાહી છે.

કૂલ્લુના કાઈસ ગામમાં આભ ફાટવાની ઘટનાથી ફરી એકાએક પૂર આવી ગયું હતું. અહીં એકનું મોત નીપજ્યું જ્યારે બે ઘવાયા હતા. આભ ફાટવાની ઘટનાને લીધે અનેક દુકાનો વહી ગઈ હતી. ડે.કમિશનર આશુતોષ ગર્ગે કહ્યું કે લગભગ રાતે ત્રણ વાગ્યે કાઈસ ક્ષેત્રની નજીક આભ ફાટવાની માહિતી મળી હતી.

# તો પણ કેન્દ્ર સંસદમાં વટહુકમને મંજૂરી અપાવી શકશે

**દિલ્હીના વટહુકમનો વિરોધની કોંગ્રેસની જાહેરાત : રાજ્યસભામાં સરકાર પાસે બહુમતી નથી, આ મામલે કેજરીવાલને કોંગ્રેસનું સમર્થન મહત્વપૂર્ણ કહેવાય છે**

નવી દિલ્હી, તા.૧૭

કેન્દ્ર સરકાર દ્વારા દિલ્હીમાં લવાયેલા વટહુકમનો વિરોધ કરવાની કોંગ્રેસ દ્વારા જાહેરાત કરાયા બાદ દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલને આંશિક રાહત થઈ છે. આ જાહેરાત બાદ વિપક્ષી દળોની બીજી બેઠકમાં કેજરીવાલના સામેલ થવાનો રસ્તો સાફ થઈ ગયો છે, જોકે તમામ વિપક્ષો એક થાય તો પણ કેન્દ્ર સરકાર સંસદમાં વટહુકમને મંજૂરી અપાવી શકે છે, તેમાં કોઈપણ પ્રકારની અડચણ ઉભી થવાની સંભાવના હાલ દેખાતી નથી.

દિલ્હી પરના વટહુકમને રાજ્યસભા અને લોકસભામાં બંને ગૃહોમાં પાસ કરાવવો જરૂરી છે. પરંતુ રાજ્યસભામાં સરકાર પાસે બહુમતી નથી, તેથી આ મામલે કેજરીવાલને કોંગ્રેસનું સમર્થન મહત્વપૂર્ણ કહેવાય છે. પરંતુ હકીકત એ છે કે, આંકડાઓ મુજબ સરકાર માટે વટહુકમને રાજ્યસભામાં પાસ કરાવવામાં કોઈ મુશ્કેલી નહીં પડે...

ઉલ્લેખનિય છે કે, સુપ્રીમ કોર્ટ દ્વારા દિલ્હીમાં ચૂંટાયેલી સરકારને લાંબી લડાઈ બાદ એડમિનિસ્ટ્રેશન સર્વિસિઝનો અધિકાર મળ્યો હતો. જોકે કેન્દ્ર સરકારે વટહુકમ લાવી દિલ્હી સરકાર પાસેથી આ અધિકાર પરત લઈ લીધો... કેન્દ્ર સરકારે ૧૯મી મેએ વટહુકમ (ગવર્નમેન્ટ ઑફ નેશનલ કેપિટલ ટેરિટરી ઑફ દિલ્હી (સુધારા) વટહુકમ, ૨૦૨૩) દ્વારા એક ઓથોરિટી બનાવી, જે ગ્રુપ-એ અધિકારીઓની ટ્રાન્સફર અને પોસ્ટિંગ કરશે. કેન્દ્ર સરકારના આ વલણને દિલ્હી સરકારે છેતરપિંડી કહી હતી. અરવિંદ કેજરીવાલ સરકાર દ્વારા કોર્ટમાં અરજી કરાઈ

● અનુસંધાન પાન-૭ પર

# ભોપાલ-દિલ્હી વંદે ભારત એક્સપ્રેસના કોચમાં આગ લાગી : મુસાફરો સુરક્ષિત

**ટ્રેનમાં મુસાફરી કરી રહેલા મુસાફરોના જણાવ્યા અનુસાર કોચ સી-૧૪માં બેટરીની નજીક ધુમાડો નીકળ્યો હતો**

નવી દિલ્હી, તા.૧૭

ભોપાલથી દિલ્હી જતી વંદે ભારત ટ્રેનમાં આગ લાગી હતી. મળતી માહિતી મુજબ, આજે



(સોમવારે) સવારે કુરવાઈ સ્ટેશન નજીક રાણી કમલાપતિ રેલવે સ્ટેશનથી નિઝામુદ્દીન જવા રવાના થયેલી વંદે ભારત ટ્રેનની ઝ૧૪ કોચમાં બેટરીના કારણે આગ ફાટી નીકળી હતી. આગની આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. તમામ મુસાફરોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે. રાણી કમલાપતિથી નિઝામુદ્દીન જઈ રહેલી વંદે ભારત ટ્રેનના ઝ-૧૪ કોચમાં આગ લાગી હતી. ટ્રેન નંબર ૨૦૧૭૧ ભોપાલ-હઝરત નિઝામુદ્દીન વંદે ભારત સવારે ૫.૪૦ વાગ્યે રવાના થઈ હતી. ઘટના બીના સ્ટેશન પહેલા બની હતી. ટ્રેનમાં મુસાફરી કરી રહેલા મુસાફરના જણાવ્યા અનુસાર આગ બેટરીથી લાગી હતી. આગની જાણ થતાં જ ટ્રેનને રોકી દેવામાં આવી હતી અને તમામ મુસાફરોને સલામત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. ફાયરની ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આગ પર કાબૂ મેળવ્યો હતો. ટ્રેનમાં મુસાફરી કરી રહેલા મુસાફરોના જણાવ્યા અનુસાર કોચ સી-૧૪માં બેટરીની નજીક ધુમાડો નીકળ્યો હતો. આ પછી બેટરી બોક્સમાંથી આગની જ્વાળાઓ બહાર આવવા લાગી હતી. બીના રેલ્વે સ્ટેશન પહેલા કુરવાઈ કેથોરા ખાતે ટ્રેનને રોકી દેવામાં આવી હતી અને મુસાફરો સુરક્ષિત રીતે ઉતરી ગયા હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર વંદે ભારત ટ્રેનમાં કોંગ્રેસ નેતા અજય સિંહ, છજી અવિનાશ લાવાનિયા સહિત ઘણા લોકો મુસાફરી કરી રહ્યા હતા. આ ઘટના બાદ સમગ્ર ટ્રેનને ખાલી કરાવવામાં આવી હતી. મધ્યપ્રદેશના રાણી કમલાપતિ સ્ટેશન અને દિલ્હીના હઝરત નિઝામુદ્દીન સ્ટેશન વચ્ચે ચાલનારી આ ટ્રેન મધ્ય પ્રદેશની પહેલી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન છે.

# વિપક્ષોની બેઠકમાં પવારના સ્થાને સુપ્રીયા સુલે હાજર રહેશે

બેંગલુરુ, તા.૧૭

કર્ણાટકની રાજધાની બેંગલુરુમાં આજથી સંયુક્ત વિપક્ષની બે દિવસીય બેઠક શરૂ થવા જઈ રહી છે. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના વડા શરદ પવાર આ બેઠકમાં ભાગ લેશે નહીં. આ પહેલા પવારે ૨૩ જૂને પટનામાં યોજાયેલી વિપક્ષી પાર્ટીઓની બેઠકમાં હાજરી આપી હતી.

શરદ પવારના સ્થાને તેમની પુત્રી અને લોકસભા સાંસદ સુપ્રિયા સુલે બેઠકમાં હાજરી આપે તેવી શક્યતા છે. પવાર જૂથના પ્રવક્તાએ આ માહિતી આપી. એનસીપીના વડા શા માટે સંયુક્ત વિપક્ષની બેઠકમાં ભાગ લેશે નહીં તે અંગે કોઈ કારણ આપવામાં આવ્યું નથી.

# મણિપુરમાં બે સ્થળે ગોળીબારમાં બેનાં મોત, હાઈવે પર શટડાઉન

ઈમ્ફાલ, તા.૧૭

મણિપુરમાં તમામ પ્રયાસો છતાં હજુ હિંસા શમવાનું નામ નથી લઈ રહી. રવિવારે રાતે પણ બે જગ્યાએ ગોળીબાર થયો હતો જેમાં ઓછામાં ઓછાં ૨ લોકો મૃત્યુ પામી ગયા. ફાયરિંગની પ્રથમ ઘટના ફેલેંગ ગામમાં બની જ્યારે બીજી કાંગપોકલીના થાંગબુહ ગામમાં બની હતી. એક મૃતકની ઓળખ ૩૪ વર્ષના જાંગખોલુમ હાઓકિપ તરીકે થઈ હતી. આ ઉપરાંત ૧૬ જુલાઈએ જ કમિટી ઓન ટ્રાયબલ યુનિટીએ નેશનલ હાઈવે - ૨ પર ૭૨ કલાકના શટાડાઉનની જાહેરાત કરી હતી.

મણિપુરમાં હિંસાની તાજેતરની ઘટનાઓ બાદ સંગઠને શટડાઉનની જાહેરાત કરી હતી. સીઓટીયુના મહાસચિવ લામ્મિનલુન સિંગસિતે કહ્યું કે ૧૬ જુલાઈની મધ્યરાત્રિથી શટડાઉન લાગુ કરાયું છે. સતત થઈ રહેલા હુમલા અને હત્યાને જોતાં આ નિર્ણય લેવાયો હતો.

# હરિદ્વારામાં કાવડ યાત્રા બાદ ૩૦ હજાર મેટ્રિક ટન કચરાનાં ઢગલાં

**કચરાને સાફ કરવા માટેની જવાબદારી અધિકારીઓને સોંપવામાં આવી**

હરિદ્વાર, તા.૧૭

ગુરુ પૂર્ણિમાએ શરૂ થયેલી કાંવડ યાત્રા



૧૫મી જુલાઈના રોજ પૂર્ણ થઈ છે. આ દરમિયાન ગંગાજળ લેવા માટે દેશભરમાંથી લગભગ ૪ કરોડ ૭ લાખ શ્રદ્ધાળુઓ હરિદ્વાર પહોંચ્યા હતા. આ કાંવડિયાઓ અહીંથી ગંગાનું પાણી લઈન નીકળી ચૂક્યા છે. પરંતુ તેમના પરત ફર્યા બાદ હરિદ્વારના ઘાટો પર ગંદકીના ઢગલા જોવા મળી રહ્યાં છે.

હરિદ્વારમાં ઘણી જગ્યાએ ફેલાયેલા કચરાને સાફ કરવાની જવાબદારી અધિકારીઓને સોંપવામાં આવી છે. મ્યુનિસિપલ અધિકારીઓએ જણાવ્યું હતું કે કચરાને સંપૂર્ણપણે સાફ કરવામાં હજુ બેથી ત્રણ દિવસનો સમય લાગી શકે છે. અધિકારીઓએ જણાવ્યું કે હરિદ્વારમાં ૩૦,૦૦૦ મેટ્રિક ટન કચરો સાફ કરવાનો છે. તેમાં પોલીથીનનો મોટો જથ્થો છે.

કાંવડયાત્રા દરમિયાન દેશના ખૂણે-ખૂણેથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ગંગા નદીમાંથી પવિત્ર જળ લેવા માટે હરિદ્વાર પહોંચ્યા હતા.

# નયી દિશા - સ્માઈલ ફોર જુવેનાઈલનો બીજો તબક્કો શરૂ

**જેલના કેદીઓ માટે પરિવર્તન-પ્રિઝન ટુ પ્રાઇડ : પરિવર્તનના પાંચમા તબક્કાને સાત જેલોમાં અમલી બનાવાશે નયી દિશાનો બીજો તબક્કો ૧૮ ચિલ્ડ્રન હોમને આવરી લેશે**

નવી દિલ્હી, તા.૧૭

ઈન્ડિયન ઓઈલના ચેરમેન શ્રીકાંત માધવ વૈદ્યએ આજે ઈન્ડિયન ઓઈલના ટોચના આંતરરાષ્ટ્રીય રમતવીરો અને જેલ સત્તાવાળાઓની હાજરીમાં ’પરિવર્તન-પ્રિઝન ટુ પ્રાઈડ’ના પાંચમા તબક્કા અને ’નયી દિશા - સ્માઈલ ફોર જુવેનાઈલ’ના બીજા તબક્કાનો શુભારંભ કરાવ્યો હતો. પરિવર્તનના પાંચમા તબક્કાનેસાત જેલોમાં અમલી બનાવાશે અને નયી દિશાનો બીજો તબક્કો ૧૮ ચિલ્ડ્રન હોમને

● અનુસંધાન પાન-૭ પર

# યુપી એટીએસ દ્વારા સીમા હૈદર અને સચિનની પૂછપરછ આરંભાઈ

**ઉત્તરપ્રદેશ એટીએસ સીમાનું પાકિસ્તાનથી યુપી આવવું અને તેના કોન્ટેક્ટ વિશે વિસ્તૃત તપાસ કરી રહી છે**

નોઈડા, તા.૧૭

પાકિસ્તાની સીમા હૈદરની ફરી એક વખત ધરપકડ થઈ શકે છે. પાકિસ્તાની નાગરિક સીમા વિશે યુપી એટીએસએ તપાસ શરૂ કરી દીધી છે. યુપી એટીએસ સીમા હૈદરને પૂછપરછ માટે અજાણ્યા સ્થળે લઈ ગઈ છે. યુપી એટીએસકેન્દ્રીય ગુપ્તચર એજન્સીઓ સાથે કોઓર્ડિનેશન કરીને સીમાનું પાકિસ્તાનથી યુપી આવવું અને તેના કોન્ટેક્ટ વિશે તપાસ કરી રહી છે. આ મામલે તપાસ કરી રહેલા નોઈડા અને ગાઝિયાબાદ પોલીસ કમિશનરેટે કેટલીક મહત્વપૂર્ણ માહિતી જાણવા માટે યુપી એટીએસપર તકનીકી મદદ માંગી છે. સૂત્રોનું માનીએ તો એટીએસકેન્દ્રીય ગુપ્તચર એજન્સીઓ સાથે મળીને સીમાના પાકિસ્તાનથી દુબઈ અને ફી નેપાળના રસ્તે ભારત આવવાના સમગ્ર નેટવર્કની તપાસ કરી રહી છે.

સીમા જ્યારે ભારત આવી ત્યારે તેણે જે મોબાઈલ નંબરનો ઉપયોગ કર્યો હતો તેની પણ તપાસ કરવામાં આવી રહી છે. આ સાથે સીમા સચિન સાથે સંપર્કમાં ક્યારથી હતી અને બંને વચ્ચે વાતચીત કરવા માટે કયા મોબાઈલ નંબરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તેની પણ તપાસ કરવામાં આવી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

# જન વિશ્વાસ બિલના ૨૨ કાયદાની ૧૮૧ જોગવાઈ સુધારવા ક્વાયત

**સંસદના આગામી ચોમાસુ સત્રની જોરશોરથી તૈયારી : ફોજદારી જોગવાઈઓને તર્કસંગત બનાવવાના ફેરફારો માટે ૧૯ મંત્રાલયોની વચ્ચે ચર્ચા કરવામાં આવી**

નવી દિલ્હી, તા.૧૭

જન વિશ્વાસ બિલ ૨૦૨૨ ૪૨ કાયદાઓમાં ૧૮૧ જોગવાઈઓમાં સુધારો કરવા અને ફોજદારી જોગવાઈઓને તર્કસંગત બનાવવા માંગે છે. ફેરફારો માટે ૧૯ મંત્રાલયો વચ્ચે ચર્ચા કરવામાં આવી હતી.

સરકાર સંસદના આગામી ચોમાસુ સત્રની જોરશોરથી તૈયારીઓ કરી રહી છે. આ સત્રમાં દિલ્હી સર્વિસ, ડેટા પ્રોટેક્શન, જન વિશ્વાસ, ફોરેસ્ટ પ્રોટેક્શન અને બીજા ઘણા બિલ આવવાની શક્યતા છે, જેનો વિરોધ વિપક્ષ પહેલાથી જ કરી રહ્યો છે.

સંયુક્ત સમિતિને મોકલવામાં આવે તે પહેલાં સંસદના છેલ્લા સત્રમાં બિલ રજૂ કરતી વખતે, વાણિજ્યમંત્રી પીયૂષ ગોયલે કહ્યું હતું કે, દેશમાં એવા ઘણા કાયદા છે જે નાના અપરાધો માટે સજાની જોગવાઈ કરે છે, જેના માટે વ્યક્તિઓએ ઘણીવાર ન્યાયતંત્રનો સંપર્ક કરવો પડે છે. દરવાજો ખખડાવવો પડે. તેમણે ટીપ્પણી કરી કે, આપણા કાયદાઓમાં જૂની જોગવાઈઓને નાબૂદ કરવાથી અદાલતો પર ભારણ ઘટાડવામાં મદદ મળશે.

આ બિલના મૂળમાં રોકાણકારોનો વિશ્વાસ વધારવાનો અને દેશની બિઝનેસ રેંક્રિંગમાં સરળતા વધારવા અને નાના ગુનાઓ માટે જેલની સજાના જોખમને દૂર કરવાનો પ્રયાસ છે, જે વ્યવસાયો ઈકોસિસ્ટમ અને વ્યક્તિગત આત્મવિશ્વાસના વિકાસને અવરોધે છે. માહિતી અનુસાર, આ ફેરફારો માટે ૧૯ મંત્રાલયો વચ્ચે ચર્ચા કરવામાં આવી હતી.

જન વિશ્વાસ બિલની જરૂરિયાત પર બોલતા, એક

● અનુસંધાન પાન-૭ પર


